Second proof (21-6-16)

|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

Shree Greater Bombay Vardhman Sthanakwashi Jain Mahasangh, Mumbai

સંચાલિત :

## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**તા. ૦૭-૦૮-૨૦૧૬** • સમયઃ બપોરે ૨.૦૦ થી ૫.૩૦ • **શ્રેણી : ૧૩** • ગુણ : ૧૦૦

**( Dharmik Shikshan Board Certificate Course Level : 13 )**

**પ્રશ્ન - ૧ : સામાયિક પ્રતિક્રમણના આધારે** ૧૦

(ક) (૧) સ્વાધ્યાયના ભેદ કેટલા ? કયા કયા ? (૨)

(૨) ૨૦ વિહરમાન તીર્થંકરને કેવળજ્ઞાન ક્યારે થયું ? ક્યારે મોક્ષે પધારશે ? (૨)

(ખ) **અર્થ લખો :** (૧) આમોસે (૨) ખળાએ (૩) સહસ્સાગારે (૪) જવણિજ્જે (૩)

(૫) ઉવસંપજ્જામિ (૬) ખેલ

(ગ) **નીચેના શબ્દોના મૂળ પાઠ - માગધી શબ્દ લખો :** (૩)

(૧) વિવિધ પ્રકારના (૨) રસ્તામાં આવતાં-જતાં (૩) નિદાન રહિત છું

(૪) એક દિવસ અને એક રાત (૫) કર્યા હોય (૬) ઘરવખરીની મર્યાદા ઓળંગી હોય.

**પ્રશ્ન - ૨ : દશ વૈકાલિક સૂત્રના આધારે :** ૨૫

(ક) (૧) સ્ત્રી પરથી પોતાના રાગભાવને દૂર કરવા સાધુ શી ચિંતવણા કરે, (૨)

તે દર્શાવતી માત્ર ગાથા લખો.

(૨) ગંધન કુળના સર્પનું દૃષ્ટાંત આપતી રાજેમતીના મુખે બોલાયેલી ફક્ત ગાથા જ લખો. (૨)

(૩) સાધુના પહેલા આઠ અનાચાર બતાવતી ફક્ત ગાથા જ લખો. (૨)

(ખ) **ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સમજુતી લખો : (કોઈ પણ ત્રણ)** (૧૨)

(૧) મહુગાર સમા .............. (૩) દુક્કરાઈ કરિત્તાણં ............

(૨) સંણિહી ગિહિમત્તે ............ (૪) સંજમે સુઠ્ઠિ ............

(ગ) (૧) **અનાચાર કેટલા છે ?અનાચાર દર્શાવતું અધ્યયન કેટલામું છે?** (૨)

તે અધ્યયનનું નામ અને સૂત્રનું નામ કહો.

(ઘ) **અર્થ લખો :** (૧) અપ્પયં (૨) વુચ્ચઈ (૩) હોહિસી (૪) પાહણા પાએ (૫)

ઉચ્છુખંડે (૬) દંતા (૭) સોગમલ્લં (૮) લહુ ભૂયં (૯) તાઈણો (૧૦) ત્તિં બેમિ

**પ્રશ્ન - ૩ : નિયંઠાને આધારે :** ૨૫

(ક) **નીચેનામાંથી કોઈ પણ બે દ્વાર (નિયંઠાના) લખો :** (૪)

(૧) ૨૨મું વેદ દ્વાર (૨) ૨જું (બીજું) વેદ દ્વાર (૩) આહાર દ્વાર.

(ખ) **કારણ લખો :** (૧) નિર્ગંથ સંયમાસંયમમાં જતાં નથી. (૬)

(૨) બકુશા - પડિસેવણામાં આહારક સમુદ્દ્ઘાત ન લાભે.

(૩) નિર્ગ્રંથ અને સ્નાતકમાં સંયમ સ્થાન એક જ હોય છે.

(ગ) **એટલે શું ? :** (૧) સ્વલિંગ - ગૃહસ્થ લિંગ (૬)

(૨) પ્રથમ સમય નિર્ગ્રંથ - ચરમ સમય નિર્ગંથ

(૩) મૂળગુણ પ્રતિસેવી - ઉત્તરગુણ પ્રતિસેવી

(ઘ) **ખાલી જગ્યા પૂરો :** (૩)

(૧) સૌથી થોડા .......... નિયંઠા હોય છે.

(૨) અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક .......... જાણવી.

(૩) છ એ નિયંઠા .......... ક્ષેત્રમાં હોય.

(૪) પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં .......... કલ્પનું પાલન કરવાનું હોય છે.

(૫) સ્નાતકપણું એક ભવ આશ્રી કે ઘણા ભવ આશ્રી .......... વાર આવે.

(૬) .......... ખળામાં પડેલી શાળ જેવા હોય છે.

(છ) **ટૂંકમાં જવાબ લખો :** (૬)

(૧) કષાયકુશીલને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન કેટલું ?

(૨) કષાયકુશીલને લેશ્યા કેટલી ?

(૩) કષાયકુશીલ દેવતાની કેટલી પદવી પામે ?

(૪) કષાયકુશીલ ગતિની અપેક્ષા કેટલી ઉત્કૃષ્ટસ્થિતિ પામે ?

(૫) કષાયકુશીલપણું ઘણા ભવ આશ્રી ઉત્કૃષ્ટ કેટલી વાર આવે ?

(૬) કષાયકુશીલ કોનાથી છઠ્ઠાણવડિયા હોય ?

(પાછળ જુઓ)

**પ્રશ્ન - ૪ : સંજયાને આધારે :** **૨૫**

**(ક) યોગ્ય વિકલ્પ શોધી ખાલી જગ્યા પૂરો :** (૩)

(૧) મધ્યના ૨૨ તીર્થંકરોના સમયમાં .......... સામાયિક ચારિત્ર હોય છે. (ઇત્વરિક / યાવત્કથિક)

(૨) વૈયાવચ્ચ કરનાર પરિહાર વિશુદ્ધ ચારિત્રીને.......... કહેવાય છે. (નિર્વિશ કાયિક / નિર્વિશ માનક)

(૩) પ્રથમ ચાર ચારિત્રી .......... હોય છે. (સકષાયી / અકષાયી)

(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા .......... કર્મની ઉદીરણા કરે. (૬ કે ૫ની / ૨ કે ૫ની)

(૫) પરિહાર વિશુદ્ધિ .......... ભવ કરે. (૧/૮ કે ૧/૩)

(૬) ઉપશમ શ્રેણીથી પડનાર સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળાને ....... પરિણામ હોય છે. (વિશુદ્ધ/સંકલેશ)

**(ખ) માત્ર આંકડામાં જવાબ લખો :** (૩)

(૧) સંજયાના દ્વારા કેટલા (૨) સંજયા ભગવતી સૂત્રનું કેટલામું શતક છે ?

(૩) સામાયિક ચારિત્રના ગુણસ્થાનક કયા ? (૪) પરિહાર વિશદ્ધ ચારિત્રવાળા ગતિ અપેક્ષાએ ઉત્કૃષ્ટ કેટલી સ્થિતિ પામે ? (૫) ક્ષીણ વીતરાગીનું ગુણસ્થાનક કયું ?

(૬) ઘણા જીવ અપેક્ષાએ છેદોપસ્થાપનીય ચારિત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલા વર્ષની ?

**(ગ) માગ્યા પ્રમાણે જવાબ લખો :** (૮)

(૧) યથાખ્યાત ચારિત્રવાળા સ્થાન છોડે તો ક્યાં જાય ?

(૨) યથાખ્યાત ચારિત્ર ઘણા ભવ અપેક્ષાએ કેટલી વાર આવે ?

(૩) યથાખ્યાત ચારિત્રમાં કેટલા સમુદ્ઘાત હોય ? કયા કયા ?

(૪) યથાખ્યાત ચારિત્રમાં એક જીવ અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ?

(૫) યથાખ્યાત ચારિત્રી સંહરણ અપેક્ષાએ કઈ ભૂમિમાં પણ હોઈ શકે ?

(૬) યથાખ્યાત ચારિત્રમાં લેશ્યા કઈ કઈ ?

(૭) યથાખ્યાત ચારિત્રમાં પરિણામ કયાં કયાં ?

(૮) યથાખ્યાત ચારિત્રમાં વેદ કયા ?

**(ઘ) સમજાવો :** ઘણા જીવ અપેક્ષાએ છેદોપસ્થાપનીય ચારિત્રનું જઘન્ય ૬૩,૦૦૦ વર્ષનું અંતર પડે. (૪)

**અથવા**

ઘણા જીવ અપેક્ષાએ પરિહાર વિશુદ્ધ ચારિત્રનું જઘન્ય ૮૪,૦૦૦ વર્ષ અંતર પડે

(ચ) સંજયાનું સ્થિતિ દ્વાર ૨૯મું ..... અથવા સંજયાનું ૩૫મું પરિમાણ દ્વાર લખો. (૪)

(છ) સંજયાના ઉપયોગ અને યોગ દ્વાર લખો. (૩)

**પ્રશ્ન - ૫ : ભક્તામરને આધારે લખો :** **૧૫**

**(ક) નીચેનામાંથી કોઈ પણ બે ગાથા લખી તેનો ભાવાર્થ લખો.** (૮)

(૧) આપના સમાન રૂપવંત બીજું કોઈ નથી ........ એનું કારણ દર્શાવતી ગાથા લખી તેનો ભાવાર્થ લખો.

(૨) પહેલા તીર્થંકરની હું સ્તુતિ કરીશ ........ એવો જેમાં ઉલ્લેખ થયો છે, તે ગાથા લખી ભાવાર્થ લખો.

(૩) કોયલ પક્ષીના ઉલ્લેખવાળી ગાથા લખી ભાવાર્થ લખો.

**(ખ) ફક્ત ગાથા પૂરી કરો :** (૪)

(૧) મત્વેત્તિ નાથ .......... (૨) ભક્તમર પ્રણત ..........

**(ગ) અર્થ લખો :** (૧) પાદપીઠ (૨) અમ્બુનિધિં (૩) ભુવિ (૪) પયઃ (૫) દુરિતાનિ (૬) વિલોકનીયં (૩)

**અથવા**

**પ્રશ્ન - ૫ : વાર્તાને આધારે લખો :** **૧૫**

**(ક) ખાલી જગ્યા પૂરો :** (૩)

(૧) યજ્ઞો ........ પ્રવૃત્તિવાળા હોય છે.

(૨) વિજયઘોષે ના પાડવા છતાં પણ ........ જયઘોષ મુનિ જરા પણ ....... ન થયા પરંતુ ........માં રહ્યા.

(૩) સાધુ સંસારની અસારતા સમજી ........ માર્ગે પુરુષાર્થ કરે છે.

(૪) ભોગોનું સેવન ન કરનાર ......... થી નિર્લેપ રહે છે.

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) માટીના ભીના અને સૂકા ગોળાનું દૃષ્ટાંત સમજાવો. (૪)

(૨) વિજયઘોષે જયઘોષને ૧) શાના કર્તા ૨) શાના જ્ઞાતા ૩) શાના જાણકાર અને ૪) શાના પારગામી કહ્યા ? (૪)

(૩) શ્રમણ, મુનિ, તાપસ અને ક્ષત્રિય શાનાથી બનાય ? "જય જિનેન્દ્ર" (૪)

----××××----